॥ श्रीकृष्णः शरणम् ॥

विद्वज्जन गोष्ठिः

श्रीमत्काशीस्थराजकीयप्रधानसंस्कृत पाठ-
शाला (गवर्नमेन्ट कॉलेज) परीक्षोत्तीर्णना-
रिग्रामनिवासिपाठक भाईशङ्करात्मज मणि-
शंकर शास्त्रिनिर्मित गुर्जरदीपिका ख्यया
व्याख्ययासंवलिता.

साथ

श्रीमत्काशीस्थराजकीयप्रधानसंस्कृत पाठ-
शाला (गवर्नमेन्ट कॉलेज) परीक्षोत्तीर्ण
ऊमरेठग्रामनिवासि ज्योतिर्विदुपाह्व पण्डित
हरजीवन तनुजनुषा ज्येष्ठाराम शास्त्रिणा
संशोध्यप्रकाशिता.

प्रथमावृत्तिः १,०००

विक्रमाब्दाः १९६५ शकाब्दाः १८३०

मूल्य मेकाणकः



॥ श्री कृष्णाय नमः ॥

☞ આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

૧ શાસ્ત્રી જ્યેષ્ઠારામ હરજીવન જોશી.

અધ્યાપક—પુષ્ટિમાર્ગીય સંસ્કૃત પાઠશાળા.

પાટણ—ગુજરાત.

૨ શાસ્ત્રી મણિશંકર ભાઇશંકર પાઠક.

અધ્યાપક—સરકારી સંસ્કૃત વ્યાકરણશાળા.

પેટલાદ—આણંદ થઇને.

૩ શાસ્ત્રી ભવાનિશંકર હરજીવન જોશી.

ગોસ્વામી મહારાજના મોટા મંદીર પાસે.

ઉમરેઠ—તા૦ આણંદ.

અમદાવાદ—ધી "વિજય પ્રવર્તક" પ્રિન્ટિંગ પ્રેસ.

॥ श्रीकृष्णायनमः ॥

વિદ્વજ્જન ગોષ્ઠિ.

ભાષાન્તર કરનાર

શાસ્ત્રી મણિશંકર ભાઇશંકર પાઠક.

અધ્યાપક—સરકારી સંસ્કૃત વ્યાકરણશાળા—પેટલાદ.

સંશોધન કરી છપાવી પ્રસિદ્ધ કરનાર.

ઉમરેઠ નિવાસી

શાસ્ત્રી જ્યેષ્ઠારામ હરજીવન જોશી.

પુષ્ટિમાર્ગીય સંસ્કૃત પાઠશાળાના અધ્યાપક.

પાટણ—ગુજરાત.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

કીંમત ૧ આનો.

श्रीहरिःशरणम्

भूमिका.

સુજ્ઞ મહાશયો ! આવા લઘુ પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર છે કે નહીં તે વિચાર એક દૂરાપાસ્ત છે. કારણ કે આ પુસ્તકની અંદરનો વિષય જાણવાથી પ્રસ્તાવનાની જરૂર છે કે નહીં તે સ્પષ્ટ રીત સમજાશે, મનુષ્યો બે રિતીના હોય છે. જ્યારે એક માણસ પુસ્તકના કદ ઉપરથી અંદરનું રહસ્ય કલ્પે છે ત્યારે બીજો માણસ તેના કદ ઉપરથી રહસ્યની કલ્પના ન કરતાં અંદરના તત્વનું મનન કરી તેની સારાસાર ઉપર અનુમતિ આપે છે; આ બે વર્ગના માણસો પૈકી કયી શ્રેણી-ના માનવો શ્રેષ્ઠ તેનો ખુલાસો આપો આપના મનમાં વિચાર કરતાં વ્યક્ત થશે.

કવિ ને કાવ્ય. } આ લઘુ પુસ્તક કે જેનું નામ "**विद्वज्जन गोष्ठी**" છે તેની અંદરની હકીકત તેના નામ ઉપરથી સમજાય છે કે તેમાં વિદ્વજ્જનના નંદદાયી કોઈ પણ વસ્તુ સંકલીત હોવી જોઇએ, ખરૂ છે; તેમાં તેમજ છે. તેનો કર્તા કવિ એક નહીં પણ શ્રીમદ્ ભોજરાજાની સભાસ્થ કવિ વર્યો છે, એ પુસ્તકનો નિર્માણ સમય મહા પ્રસિદ્ધ રાજા ભોજ મહારાજના વખતમાં છે તે તેના પ્રથમ શ્લોકની અવતરણિકા ઉપર વિદિત થાય છે. હવે તે કયા સમયમાં થયા તે સુપ્રસિદ્ધ હોવાથી તે બાબતમાં કાંઇ પણ વિશેષ લખવાનું રહેતું નથી કારણ કે તે સ્પષ્ટ છે,

સંક્ષિપ્ત વિવેચન. } આપણા ઉત્પન્ન કરનાર મહાઐશ્વર્યવાન્ પરમેશ્વર છે તેમના મુખ કમળમાંથી માનવ જાતનાં કર્તવ્યનો ઉપદેશ કરતો વેદપ્રાદુર્ભાવ થયો અર્થાત્ વેદની આજ્ઞા તે આપણી ફરજો છે એટલે આપણે તે પ્રમાણે વર્તવું જોઇએ, હાલ જમાનામાં જોતાં આપણામાંનો મોટો ભાગ ધર્મથી અજ્ઞાત છે તેને ધર્મ માર્ગમાં પ્રવૃત કરવાની ખાસ જરૂર છે,

ઉપર કહ્યા પ્રમાણે વેદ ધર્મમાં માનવ કૃત્ય દર્શાવેલાં છે ને તે ચાર છે ૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ ને ૪ મોક્ષ" તેમાં પ્રથમ કર્તવ્ય ધર્મ છે, હવે તે કરતા પહેલાં તે જાણવાની આપણામાં શક્તિ હોવી જોઇએ, કારણ કે તે જાણ્યા વિના કઈ રીતે પાળવો તેનું જ્ઞાન થતું નથી; અને તે જાણવાનું સાધન વિદ્યા છે. તે વિદ્યા કેવળ ઐહિક સુખ પ્રાપ્ત કરાવનારી છે તેમ નથી પણ તે પારલૌકિક સુખ પ્રાપ્ત કરવાનું મોટું સાધન છે જુઓ હિતોપદેશ,

विद्याददातिविनयंविनयाद्यातिपात्रता ॥
पात्रत्वाद्धनमाप्नोतिधनाद्धर्मस्ततोसुखम् ॥

આવી રીતની કલ્પ વૃક્ષ સમાન વિદ્યાદ્વારા ધર્માચરણ કરવું જોઇએ કારણ કે

॥ धर्मएवहतोहंतिधर्मोरक्षतिरक्षितः ॥

આવી રીતે ચતુર્વર્ગમાં ધર્મ પ્રથમ છે અને તેનાં વિદ્યા, દાન, તપ, જ્ઞાન, ગુણ વિગેરે સ્વાભાવિક અનુયાયીઓ છે, એટલે ધર્મ સાથે તે પોતાનો ગાઢ સબંધ ધરાવે છે, એટલે મનુષ્યાવતાર કે જે કેટલાંક કારણથી દેવતા કરતાં ઉચ્ચ પદવી બનાવે છે તે પ્રાપ્ત થતાં પણ

જે માણુસ સંસાર તરી જતો નથી તે માણુસ નથી પણ મૂર્ખ છે, અને તે સર્વ સૃષ્ટ પદાર્થોમાં પણ હલકો છે એટલે કે પશુ વિગેરે જીવતાં કેટલાંક કાર્યો કરે છે અને મરી ગયા પછી પણ ચર્મદ્વારા માણુસના ઉપર પરોપકાર કરે છે પણ માણુસ, કે જે વિદ્યાદિ ગુણુ હીન છે તે જીવતો ને મુઆ પછી પણ કાંઈ કામમાં આવતો નથી, આ પુસ્તકમાં માણુસને વિદ્યાદિ ગુણુની જરૂર છે ને તે વગરનાને કટુ વચનથી પણ ઉપદેશ દીધો છે. સુજ્ઞ વાંચક વર્ગ, **गच्छतःस्खलनंभवेत्** એ ન્યાયથી કોઇ પણ ભૂલ રહી ગઇ હોય તો સુધારી વાંચવા ભલામણ છે. **सुज्ञेषुकिंबहुना.**

સંવત ૧૯૬૫ ના માઘ શુકલપંચમી.	**શાસ્ત્રી મણિશંકર ભાઇશંકર**
	તથા
વસંતપંચમી.	**શાસ્ત્રી જયેષ્ઠારામ હરજીવન જોશી.**

श्रीः

अथरसज्ञ जनानन्द कारिणी विद्वज्जन गोष्ठिःप्रारभ्यते ॥

રસજ્ઞ માણસોના ચિત્ત હરણ કરવામાં સમર્થ વિદ્વજ્જન ગોષ્ઠિ નામનું લઘુકાવ્ય આરંભાય છે, "કે જે બાળકોને પણ આનંદદાયી છે."

एकदा पंचशत(५००)पंडित पूरितायांश्रीमद्भोजराजसभायां, विद्या गुणोत्कर्ष प्रभावदर्शिन्यां गोष्ठ्यां जायमानायां, जिनराजमतावलम्बिनाधनपालपंडितेनराज्ञोऽग्रेप्रोक्तमूयथा

એક દિવસે ૫૦૦ વિદ્વાનો જ્યાં વિરાજમાન થયેલા છે એવી શ્રીમાન્ ભોજરાજાની સભામાં, પોતપોતાની વિદ્યા અધિકદર્શાવનારી વાર્તા ચાલતાં રાજાના મુખ આગળ જૈન ધર્માનુયાયી ધનપાલ પંડિતે કહ્યું કે,

येषां न विद्या न तपो न दानं
ज्ञानं न शीलं न गुणो न धर्मः
ते मर्त्य लोके भूविभार भूता
मनुष्य रूपेण मृगा श्चरन्ति ॥ १ ॥

જે માણસોની પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, ઉત્તમ પ્રકારનું જ્ઞાન નથી, શીલ* (સારો સ્વભાવ) નથી, તેમજ કોઇ પ્રકારનો ગુણ કે ધર્મ નથી, તેઓ આ પૃથ્વિના ઉપર મનુષ્યાવતાર ધારણ કરી, મનુષ્યો નહીં પણ મનુષ્ય રૂપી મૃગો (હરણો) ફરે છે.

इति पंडित वचनं श्रुत्वा मृगःप्राह ममइदृङ्नरोपमानं कस्मादुच्यते यतः

स्वरे शीर्षं जनेमांसं त्वचंच ब्रह्मचारिणे
शृंगं योगीश्वरे दद्यां मृगोऽहं स्त्रीपु लोचने ॥ २ ॥

तेनममैवं विध मनुष्योपमानं नयुक्तं

આવાં પંડિતનાં વચન સાંભળી મૃગ બોલ્યો કે મને આવા (વિદ્યાદિથી રહિત) માનવની ઉપમા શા માટે આપો છો વિચારો તો ખરા કે હું મૃગ સ્વરના બદલામાં મારૂં મસ્તક અર્પણ કરૂં છું, મારૂં માંસ મનુષ્યના ઉપયોગમાં આવે છે, બ્રહ્મચારિને મારૂ ચર્મ, (બ્રહ્મચારીઓ મૃગચર્મને રાખે છે) યોગી લોકોને મારૂં શીંગડુ ને સ્ત્રીનાં નેત્રોને મારાં નેત્રની ઉપમા આપવામાં આવે છે તેથી સ્ત્રીઓનો નેત્ર દાતા પણ હું છું, આવી રીતે હું સદા પરોપકારમાં (મારાદેહની પણ દરકાર કર્યા વગર) તત્પર રહું છું તો આવા નરાધર્મીની

*(શિયળ, સ્ત્રીનોત્યાગ. સારો આચાર).

સાથે સરખામણીને શું પાત્ર છું? ના. મને તેવો માં ગણો.૨

ततःपूर्व पंडित वचन म संगतं ज्ञात्वा पर पंडिते नोक्तम्॥

ત્યાર પછી પ્રથમ પંડિતનું વાક્ય અસંગત જાણીને બીજા પંડિતે કહ્યું કે,—

येषां न विद्या न तपो न दानं
ज्ञानं न शीलं न गुणो न धर्मः
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्यरूपाः पशव श्चरन्ति ॥ ३ ॥

જે માણસની પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, ઉત્તમ પ્રકારનું જ્ઞાન નથી, શીલ (શિયળ, સ્ત્રીનો ત્યાગ, સારો આચાર) નથી તેમજ કોઇ પ્રકારનો ગુણ કે ધર્મ નથી, તેઓ આ પૃથ્વીના ઉપર મનુષ્યાવતાર ધારણ કરી મનુષ્ય રૂપ ધારણ કરનારાં જાણે પશુઓ હોય તેમ ભટકે છે. ૩

इतिपंडित वचनं श्रुत्वा गौराह

तृणमाद्मि दद्मि दुग्धं छगणं गेहस्य मण्डनं भवति ॥
रोगो पहारि मूत्रं पुच्छं सुर कोटि संस्थानम् ॥ ४ ॥
तेन मयै तदुपमानंन युक्तं ॥

અર્થ—આવી રીતે વિદ્યાદિ ગુણ રહિત માણસને પોતાની (પશુની) ઉપમા આપે છે એમ જાણી ગાય બોલી,

મહારાજ દ્વિજવર્ય, હું તૃણ (ઘાસ) ખાઉં છું, દુધ આપું છું ને મારૂં છગણ કહેતાં છાણ તે ઘરનું મંડન (લીંપી ગુંપીને શણગારવા) ના કામમાં આવે છે તેમજ મારૂં મૂત્ર તે " વૈદ્યકમાં કહ્યા મુજબ પાંડુ, કમળો, બરોળ, વિગેરે રોગોને નાશ કરનારૂં છે તેમજ પૂછડું તો ઘણા દેવોનું વાસસ્થાન છે માટે તે માણસની બરોબરીમાં મને રાખવી તે અવિવેક છે, અયોગ્ય છે. ॥ ४ ॥

ततोन्यविदूषागादितं यथा પછી બીજો પંડિત બોલ્યો કે.

येषां न विद्या न तपो न दानं
नत्रापि शीलं न गुणो न धर्मः
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्य रूपेण तृणानि मन्ये ॥ ५ ॥

જે માણસોની પાસે વિદ્યા નથી, તપ નથી, જ્ઞાન નથી, ઉત્તમ પ્રકારનું જ્ઞાન નથી તેમજ ૬૯ શીલ એટલે સારો સ્વભાવ નથી તેઓ આ પૃથ્વિના ઉપર મનુષ્યાવતાર ધારણ કરીને જાણે મનુષ્યાવતાર ધારણ કરનારાં નિરૂપયોગી તૃણ (ઘાસ) હોય તેમ મારૂં માનવું છે ॥ ૫ ॥

इति श्रुत्वा तृण जातिराह આવું સાંભળી તૃણ કહે છે.

गवि दुग्धं रणे ग्रीष्मे वर्षा हेमन्तयोरपि
तृणां त्राण महं स्यांय त्तत्समत्वंकथंमम ॥ ६ ॥

तेन सामान्योपमानं महतां नरोचते ।

હું ગાય (પશુવર્ગ) માં દુધ આપું છું (એટલે મને ભક્ષણ કરવાથી તેઓ દુધ દે છે) તેમ રણ સંગ્રામમાં ઉનાળાની મોસમમાં ચોમાસામાં ને શિયાળામાં પણ માણસનું રક્ષણ કરનારૂં સાધન થઇ પડું છું એટલે રણમાં બાણ વિગેરે મારાથી બને છે ઉનાળામાં ને ચોમાસામાં છત્રી વિગેરે સાધનને હું પુરાં પાડું છું ને શિયાળામાં મારા અગ્નિને સેવી માણસો સુખી થાય છે તો મારા જેવા મોટાની સાથે માણસ જેવા સાધારણની ઉપમા અયોગ્ય છે. ॥ ૬ ॥

ततश्चापरपंडितेनोक्तं પછી બીજા પંડિતે કહ્યું કે

येषां न विद्या न तपो न दानं
नत्रापि शीलं न गुणो न धर्मः
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्य रूपेश्च भवन्ति वृक्षाः ॥ ७ ॥

જે માણસોની પાસે વિદ્યા નથી, તપ નથી, દાન કરતા નથી, ઉત્તમ જ્ઞાન નથી, સારૂં શીલ એટલે આચરણ નથી તેમજ સદગુણ કે ધર્મ પણ દ્રઢ નથી તે માણસો પૃથ્વીના ઉપર ભારભૂત જાણે મનુષ્યરૂપી વૃક્ષ (ઝાડ) હોય તેવા છે. ॥ ૭ ॥

वृक्षाःमाहुः વૃક્ષો ઉપરનું વાકય સાંભળી કહેવા લાગ્યાં કે

छायां कुर्मो वयंलोके फलपुष्पाणि दद्महे ॥
पक्षिणां च सदा धीरा गृहादीनां च हेतवः ॥ ८ ॥
तत्परोपकारिणां निरुपकारिणां च साम्यंकथं संगतंस्यात्

અમે લોકમાં છાયા કરીએ છીએ ને તેમને માટે ફલ-પુષ્પ પણ આપીએ છીએ તેમજ અમે સદા ધૈર્ય રાખી પક્ષિઓના માળા વિગેરે તેમજ લોકોનાં ઘર વિગેરે બાંધવામાં કારણ છીએ તો આવી રીતે અમારા જેવાં પરોપકારીની ને મનુષ્ય સરખાં નિરૂપકારીની સામાસામી સરખામણી તે શું કોઈ રીતે સંગત થાય છે? અર્થાત ઘટે છે? જવાબમાં ના !!! ૮ ॥

पुनरपरकवीश्वरेणाक्तम् પછી બીજા કવીશ્વરે કહ્યું કે

येषां न विद्या न तपो न दानं
ज्ञानं न शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्य रूपेण हि धूलिपुञ्जाः ॥ ९ ॥

જે માણુસોની પાસે વિદ્યા નથી તપ નથી, દાન નથી, જ્ઞાન નથી, શીલ (સદાચાર) નથી તેમજ સદ્ગુણો દયા વિગેરે નથી ધર્મ નથી તે માણુસો આ મૃત્યુ લોકમાં પૃથ્વીના ઉપર ભારભૂત મનુષ્યના રૂપથી ધૂળના ઢગલા જેવા છે અર્થાત્ ધૂળ બરાબર તેમની કંઇ કિંમત નથી ॥ ૯ ॥

इति विद्वद्वचःश्रुत्वारेणुराह આવું વિદ્વાનનું વાક્ય સાંભળી રેણુ બોલી કે,

कारयामिशिशु क्रीडां पंकनाशं करोमिच ॥
मत्तोऽजनिरजःपत्रं लेखे क्षिप्तं फलप्रदम् ॥ १० ॥
तत् ममाप्येतेन साम्यमिच्छन् कथं न लज्जसे

હું બાળકોની રમત કરાવું છું તેમજ કાદવવાળી જગા સાફ (સુકી) કરૂં છું ને મારાથી ઉત્પન્ન થયેલી ઝીણી રેતી છે કે જે લેખ ઉપર નાખવાના ઉપયોગમાં આવે છે અર્થાત્ મારી રેતી તે લેખ જેવા મહત્વના કામમાં કેટલી ઉપયોગી છે? માણસ (વિદ્યાદિરહિત) નું કશું પણ ઉપયોગી નથી તો મને તેવાની બરોબરીમાં મૂકતાં મહારાજ કેમ શરમાતા નથી? ॥ ૧૦ ॥

ततोऽन्यविदुषाप्रोक्तम् પછી બીજા પંડિતે કહ્યું કે

येषां न विद्या न तपो न दानं
नचापि शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्य रूपेण श्वानःस्वरूपाः ॥ ११ ॥

જે માણસોની પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, અને શીલ સારો સ્વભાવ નથી, રૂડો ગુણ કે ધર્મ નથી તે

માણુસો આમર્ત્યં લોકમાં ભારભૂત છે ને મનુષ્યરૂપ ધારણુ કરનારા માણુસ નહીં પણુ શ્વાન કહેતાં કુતરાં (બરાબર) છે ॥ ૧૧ ॥

इति श्रुत्वा सः प्राह એવું સાંભળી કુતરો કહેવા લાગ્યો કે,

स्वामि भक्तः सुचैतन्यः स्वल्पनिद्रः सदोद्यमी ॥
अल्प संतोषवान्शूर स्तस्मा त्तत्तुल्यताकथम् ॥१२॥
ततोप्यधिक गुणोऽहम्

હમેશાં સ્વામિ ભક્તિવાળો, સાવચેત અલ્પનિદ્રાવાળો, હમેશ ઉદ્યોગ કરનાર, સ્વામિના કાર્ય માટે તેમજ થોડા અનાજમાં (ખાવાના પદાર્થમાં) સંતોષ માનનાર, શૂર છું તો લોભ વિગેરે વિચિત્ર વૃત્તિ વાળાની સાથે તુલ્યતા કેવી રીતે યોગ્ય છે. તેમજ તે માણસનાથી પણુ હું અધિક ગુણુવાળો છું ॥ ૧૨ ॥

पुनःप्रवीणेनोक्तम् વળી બીજા કુશળ વિદ્વાને કહ્યું

येषां न विद्या न तपो न दानं
न वापि शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्य रूपेण खराःस्फुरन्ति ॥ १३ ॥

જેની (માણુસ) પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી,

ઉત્તમ શીલ નથી, ગુણો ને સદ્ધર્મ પણ નથી તે માણસો આ પૃથ્વિના ઉપર ભારભૂત મનુષ્ય રૂપધારી ગધેડા હોય તેમ ફરે છે અર્થાત્ તે માણસ નહીં પણ ગધેડા છે ॥ ૧૩ ॥

इति श्रुत्वा खरःप्राह એવું સાંભળી ગધેડા બોલ્યો કે,

शीतोष्णं नैव जानामि भारं सर्वं वहाम्यहम् ॥
तृणभक्षण संतुष्टः सदा प्रोज्वलिता ननः ॥ १४ ॥
अहं बहुगुणःकथं तत्सदृशःस्याम्

શીત (ટાઢ) તાપને હું ગણતો નથી ને મારા ઉપર નાંખેલા ભારને વહન કરૂં છું તેમજ ઘાસના ભક્ષણમાં સંતુષ્ટ રહું છું ને હમેશાં પ્રદીપ્ત (દીર્ઘાદિ ગુણ યુક્ત) મુખવાળોછું ને માણસને ટાઢ વખતે ટાઢ તાપ વખતે તાપ લાગે છે પોતાનું કામ બજાવતો નથી અનાજ ખાવા જોઇએ છીએ છતાં કંઇ કામ કરતો નથી તો અધિક ગુણવાળો હું તેની બરોબર કઈ રીતે ? અર્થાત્ તે માણસ મારાથી હલકોછો॥૧૪॥

पुनरपरकोविदेनोक्तम् વળી બીજા પંડિતે કહ્યું કે

येषां न विद्या न तपो न दानं
न वापि शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्य रूपेण मृगांश्चरन्ति ॥ १५ ॥

જે માણસોની પાસે કોઇ પ્રકારની વિદ્યા નથી, તપ નથી, દાન નથી, અર્થાત્ દાન વિગેરે કરતો નથી, તેમ શીલ

નથી, કોઇ પ્રકારનો ગુણ કે ધર્મ નથી તે માણસો આ મૃત્યુ લોકમાં ભારભૂત મનુષ્ય દેહ ધારી કાક (કાગડા) છે. ॥૧૫॥

इत्युक्ते काकःप्राह એવું કહેતામાં કાક કહેવા લાગ્યો કે

प्रियं दूरं गतं गेहं प्राप्तं जानामि तत्क्षणात् ॥
न विश्वसामि कस्यापि काले चालयकारकः ॥१६॥

तेन कृतज्ञस्य कृतघ्नोपमानं नयुक्तम् ॥

પંડિતજી પરદેશ ગયેલા પ્રિય (સ્વામિ અથવા પોતાના વહાલા માણસ) ને ઘેર આવતો હોય તે હું જાણું છું તે તેજ વખતે તેને ઘેર બેસી તેને પણ જણાવું છું વળી કોઇના ઉપર વિશ્વાસ કરતો નથી ને સમયે (પ્રસૂતિસમયે) ઘર બાંધું છું કે મને ભય રહેતો નથી તો મારા જેવા કૃતજ્ઞ (પરોપકારી) ને મનુષ્ય જેવા કૃતઘ્ન (પાપી) ની સરખામણી યોગ્ય નથી ॥ ૧૬ ॥

ततःसुधियोक्तं પછી બીજો વિદ્વાન કહેવા લાગ્યો કે

येषां न विद्या न तपो न दानं
ज्ञानं न शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्य रूपेण चरन्ति चोष्ट्राः ॥ १७ ॥

જે માણસની પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, ને જ્ઞાન નથી, શીલ (સદાચરણ) નથી, સદ્‌ગુણ ને ઉત્તમ (મોક્ષદાતા) ધર્મ નથી તે માણસો પૃથ્વીના ઉપર મર્ત્ય લોકમાં ભારભૂત છે તેમજ મનુષ્ય રૂપ ધારી ઉંટો છે ॥ ૧૭ ॥

उष्ट्रःप्राह ઉંટ બોલ્યો કે,

एकस्यांघटिकायां योजनगामी सदान्नृपतिमान्यः ॥
सदोद्वहन समर्थः कथं समो निर्गुणैःसार्धम् ॥ १८ ॥

એક ઘટિકાની અંદર યોજન (ચાર ગાઉ) જાઉં છું. તે કારણથી હમેશાં રાજાનો માનીતો છું તેમ હમેશાં ભાર વિગેરે વહન કરવામાં હું સમર્થ છું તો મારી (અનેક ગુણોથી યુક્તની) કોઇપણ ગુણ વગરના માણસની સાથે સમાનતા કોઇ રીતે સંગત નથી ॥ ૧૮ ॥ પ્રથમના વખતમાં જે સમયમાં આગગાડીઓ નહોતી તે વખતે ને હાલ પણ ઉંટથી વ્યાપાર વિગેરે ચાલે છે.

ततोऽन्येनोक्तं પછી બીજા વિદ્વાને કહ્યું કે

येषां न विद्या न तपो न दानं
न चापि शीलं न गुणो न धर्मः
ते मर्त्य लोके भुवि भारभूता
मनुष्य रूपेण चभस्मरूपाः ॥ १९ ॥

જે માણસની પાસે વિદ્યા નથી, તપ નથી, દાન નથી, ઉત્તમ શીલ (સદાચાર, પવિત્રતા) નથી, ગુણ (દયા, દાક્ષિણ્યતા વિગેરે) નથી, ધર્માચરણ નથી તે માણસો પૃથ્વીના ઉપર રાખોડા જેવા ભારભૂત છે ॥ ૧૯ ॥

ततो रक्षा प्राह પછી ભસ્મ (રાખોડી) બોલી કે,

पेटक मध्ये क्षिप्ता करोम्यहं धान्य रक्षांद्राक्

मां वन्दन्तेमनुजाः सुख समृद्धिकरीं सुगंधाढयाम्॥२०॥

અનાજ ભરવાની કોઠી વિગેરેની અંદર નંખાયલી હું તે અનાજની રક્ષા કરૂં છું "અનાજમાં રાખોડી નાંખી રખેળવાનો ચાલ છે તે" તેમ કેટલાક માણસો મારામાં સુખ આપવાની સમૃદ્ધિમાન્ કરવાની ને સુંગંધી યુક્ત રહેવાની વ્યવસ્થા જાણીને મને વંદન કરે છે અર્થાત્ પૂજ્યતાથી પૂજે છે ને પોતાના દેહ વિગેરે ઉપર ધરે છે ॥ ૨૦ ॥ "મહાત્માની પ્રસાદી ભસ્મજ હોય છે."

अन्यविदुषोक्तम् આખરે બીજા વિદ્વાને કહ્યું કે

येषां न विद्या न तपो न दानं
न चापि शीलं न गुणो न धर्मः
ते मर्त्य लोके भुवि भारभूता
जानाम्यहं नैवचकीदृशाःस्युः ॥ २१ ॥

જે માણસોની પાસે વિદ્યા, તપ, દાન, રૂડુ શીલ, સારો ગુણ, ધર્મ બિગેરે કંઇ પણ નથી તે માણસો પૃથ્વિના ઉપર મર્ત્ય લોકમાં ભારભૂત તો ખરા પણ કોના જેવા તે મને ખબર નથી અર્થાત્ પૃથ્વિના ઉપર જે જે વસ્તુઓ હલકામાં હલકી હોય છે તેમાં કંઈ પણ ગુણ હોય છે એટલે તેમાં તેની બરોબરી ઉતરતી નથી માટે તેઓ નીચમાં પણ નીચ છે ॥ ૨૧ ॥

इतिविद्वद्गोष्ठीसमाप्ता ॥

॥ श्री कृष्णायनमः ॥

સ્વધર્માભિમાની વૈષ્ણવ બંધુઓ! અવશ્ય વાંચો;

શ્રવણ નયનના દોષ હર, ઔષધ બહુ જગમાંહ્ય;
આતો હરશે આપના, હૃદય ચક્ષુની છાંય;

ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીમદ્ દેવકીનન્દનાચાર્યજી મહારાજની આજ્ઞાનુસાર, પુષ્ટિ માર્ગના અનેક સિદ્ધાંતોથી ભરપૂર હર માસની શુકલ ૧૧ એ નિયમીત પ્રગટ થતું માસિક પત્ર.

વૈષ્ણવ માર્તણ્ડ.

આ માસિક પત્રમાં પુષ્ટિ માર્ગના અનેક સિદ્ધાંતોથી ભરપૂર વિષયો ચર્ચવામાં આવે છે તથા સાંપ્રદાયીક ગ્રંથોનું ભાષાંતર પણ અપાય છે. આ માસિક શરૂ થયાને થોડો સમય થયા છતાં તેનો પ્રચાર હિન્દુસ્તાન ઉપરાંત દક્ષિણ, આફ્રિકા, પંજાબ, વિગેરે દેશોમાં થયેલો છે એજ એની ઉત્તમપણાની ખાત્રી કરી આપે છે. આ માસિક પત્રના સંબંધમાં પરમપૂજ્ય ગોસ્વામી મહારાજોના તથા વિદ્વાનોના અભિપ્રાયો મળેલા છે. ગ્રાહક ગમે ત્યારે થઇ શકાય છે. ગ્રાહક થનારને પાછલા અંકો શિલીકમાં હશે ત્યાં સુધી મળી શકશે, માટે જલદી કરો નહિતો પાછળથી પસ્તાશો. વાર્ષિક ન્યોછાવર પોસ્ટેજ સાથે રૂ. ૧-૮-૦ અગાઉથીજ.

શાસ્ત્રી જયેષ્ઠારામ હરજીવન જોશી.
સંપાદક "વૈષ્ણવ માર્તણ્ડ" માસિક પત્ર.
પાટણ. (ગુજરાત.)